# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-12-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ

**કેન્દ્ર સરકાર દ્વારા બજારમાં વાજબી ભાવે અને સરળતાથી ઘઉં મળી રહે તથા સંગ્રહખોરી અટકે તે માટે આગામી 31 માર્ચ 2026 સુધી સ્ટોક એટલે કે જથ્થાની મર્યાદા અમલી બનાવવામાં આવી છે.**

**ઘઉંના સંગ્રહ કરવામાં સુધારો કરી ઘઉંની સંગ્રહખોરી અટકે અને બજારમાં ઘઉં સરળતાથી અને વાજબી કિંમતે ગ્રાહકોને મળે તે હેતુસર ઘઉંના વેપાર સાથે સંકળાયેલા વેપારી સંગઠન, જથ્થાબંધ અને છૂટક વેપારીઓ, બીગ ચેન રિટેઈલર્સ અને પ્રૉસેસર્સ પર જથ્થા મર્યાદા દાખલ કરવામાં આવી છે. તેમાં વેપારી, છૂટક વેપારી માટે બે હજાર મેટ્રિક ટન, છૂટક વેપારી અને મોટા વેપારીઓ માટે આઠ-આઠ મેટ્રિક ટન તેમજ પ્રૉસેસર માટે 60 ટકા ક્ષમતા મુજબ મર્યાદા નક્કી કરવામાં આવી છે તેમ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની યાદીમાં જણાવાયું છે.**

**---------------------------------------------------------------------------------------**

## SIR કામગીરી

**ભારતના ચૂંટણી પંચના આદેશ અનુસાર કચ્છ જિલ્લાના છ વિધાનસભા વિસ્તારમાં પહેલી જાન્યુઆરી 2026 તારીખના સંદર્ભમાં ખાસ સંઘન સુધારણા કાર્યક્રમ SIR 2026 જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ભારતના ચૂંટણી પંચ દ્વારા કચ્છ જિલ્લા માટે રોલ ઓબ્ઝર્વર તરીકે હર્ષદકુમાર રતિલાલ પટેલની નિમણૂક થયેલ છે. તેઓએ જિલ્લામાં હાલમાં ચાલી રહેલ મતદાર યાદી ખાસ સંઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત જિલ્લાની તમામ વિધાનસભાના મતદાર**

નોંધણી અધિકારીઓ સાથે તથા માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે કલેક્ટર કચેરી ભુજ-કચ્છ ખાતે સમીક્ષા બેઠક કરી વિવિધ સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## દિન દયાળ પોર્ટ – ગાંધીધામ

દીન દયાળ પોર્ટ ઓથોરીટી કંડલાની મુલાકાતે આવેલા શિપિંગ સચિવ વિજય કુમારે કુલ રૂ.193 કરોડના ખર્ચે અનેક મહત્ત્વપૂર્ણ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. આ ઉપરાંત, શિપિંગ મંત્રાલયના સચિવ વિજય કુમારએ તુણા ટેકરા ખાતે DP વર્લ્ડ દ્વારા વિકસાવવામાં આવી રહેલા આગામી અત્યાધુનિક મેગા કન્ટેનર ટર્મિનલની મુલાકાત લીધી.

---------------------------------------------------------------------------------------

## માર્ગ અને મકાન વિભાગ

જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ(રાજ્ય) દ્વારા વિવિધ રસ્તાઓના મજબૂતીકરણ અને નવીનીકરણના મહત્વપૂર્ણ કાર્યો ઝડપથી આગળ વધી રહ્યા છે. માંડવી તાલુકાના લુડવા - દરશડી - કોજાચોરા - પુનડી - તુમ્બડી - રામાણીયા રોડની મજબૂતીકરણની કામગીરી માટે રાજ્ય સરકાર દ્વારા મંજૂરી મળતા યુદ્ધના ધોરણે તેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આ રસ્તાના મજબૂતીકરણના કાર્યથી સ્થાનિક વિસ્તારોમાં કનેક્ટિવિટી વધશે તેમજ વાહનોની ગતિશીલતા વધશે. હાલમાં આ રસ્તાના ૨૦ કિ.મી. પૈકી ૬ કિ.મી.માં સી.સી. રોડની કામગીરી તેમજ બાકીની લંબાઇમાં ડામરની કામગીરી પ્રગતિમાં છે.

---------------------------------------------------------------------------------------

## માંડવીમાં ડ્રોન એરો-વિઝન લેબનો આરંભ

કચ્છના યુવાનો માટે રોજગાર અને કૌશલ્ય વિકાસના ક્ષેત્રે નવી પહેલના ભાગરૂપે માંડવીના કોડાયપુલ સ્વામિનારાયણ ગુરુકુલ ખાતે ભારત સરકાર દ્વારા પસંદગી પામેલ પ્રથમ અને એકમાત્ર ડ્રોન એરો-વિઝન લેબનો આરંભ કરાયો છે. ચાર થી 6 મહિનાના કોર્ષમાં

વિદ્યાર્થીઓને રહેવા, અભ્યાસ સહિતની તમામ તાલીમ નિઃશુલ્ક આપવામાં આવશે. જેમાં કૌશલ્ય તાલીમ, રહેણાંક ફરજિયાત, ભોજન, યુનિફોર્મ,તાલીમ સામગ્રી બધું જ નિઃશુલ્ક આપવામાં આવશે. આ કોર્ષમાં પ્રવેશ પ્રક્રિયા શરુ કરી દેવામાં આવી છે. મર્યાદિત બેઠકો હોવાથી પાત્ર યુવાઓને તાત્કાલિક અરજી કરવા અનુરોધ કરાયો છે.

---------------------------------------------------------------------------------

## ભચાઉ બ્રિજ પર પ્રતિબંધ

ભચાઉ તાલુકાના કણખોઇથી કુડા માર્ગે આવેલા કેનાલ બ્રિજમાં નુકસાની થતાં વાહનોની અવર જવર પર પ્રતિબંધ ફરમાવાયો છે. તેના વિકલ્પમાં વહીવટી તંત્ર દ્વારા વૈકલ્પિક માર્ગની જાહેરાત પણ કરવામાં આવી છે.

રાપર તરફ જતા આ માર્ગે બ્રિજ પરથી નાના-મોટા વાહનો તથા હેવી ઓવર લોડેડ ડમ્પર વગેરે પસાર થાય છે. જેના લીધે બ્રિજના સ્લેબમાં નુક્સાન થયું છે. ભવિષ્યમાં કોઇ અકસ્માત કે મોટી જાનહાની ન થાય તે માટે બ્રિજ પરથી તમામ વાહનોની અવર-જવર પર 10 મી માર્ચ ધી પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા જાહેર કરાયું છે. વૈકલ્પિક માર્ગ તરીકે શાખા નહેર પર આવેલ બ્રિજની સાંકળ 155.933 કિ.મી તથા બ્રિજની સાંકળ 158.104 કિ.મી પરથી વાહનો અવર-જવર કરી શકશે તેમ જણાવાયું છે.

---------------------------------------------------------------------------------

## અકસ્માત

પ્રધાનમંત્રી

---------------------------------------------------------------------------------

## સુખપર અકસ્માત

પ્રધાનમંત્રી

---------------------------------------------------------------------------------

# પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના

રાપરના ત્રંબો રોડ પર વહેલી સવારે એક ગંભીર ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં દસથી વધુ લોકો ઘાયલ થયા છે, જેમાંથી બેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

અકસ્માતની જાણ થતાં જ સ્થાનિકો અને રાહદારીઓ મદદ માટે દોડી આવ્યા હતા. તમામ ઘાયલોને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. રાપર પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

દરમ્યાન, અન્ય એક અકસ્માતમાં હાજીપીરથી જખૌ તરફ જઈ રહેલી મીઠુ ભરેલી બે ટ્રક જખૌ ગામ નજીક અચાનક પલટી ખાઈ જતાં માર્ગ પર અફરાતફરી મચી ગઈ હતી અને ભયનો માહોલ સર્જાયો હતો. સદનસીબે, આ ગંભીર અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વાહનોને મોટું નુકસાન થયું છે.આ ઘટના બાદ સ્થાનિકોમાં ઓવરલોડ વાહનો અંગે નારાજગીની લાગણી જોવા મળી રહી છે.

---------------------------------------------------------------------------------------